# મીનાબજારમાં શૌચાલયનું સંચાલન કરતાં માથાભારે શખ્સથી વેપારીઓ પરેશાન

**ગઇ કાલે રાત્રે દારૂ પીને સર્વોદય ભોજનાલય ખાતે માથાકૂટ કરી જે સીસીટીવીમા કેદ થઇ : અગાઉ પણ અનેકવાર દારૂ પીને ધમાલ કરી ચુક્યો છે : તેના સુપરવાઈઝરથી લઈને મેયરને પણ જાણ કરાઇ છતાં કોઇ ઉકેલ આવતો નથી : જે ટપારે તેને એટ્રોસીટીનો કેસ કરવાની ધમકી આપે છે**



ગાંધીનગર,તા.૧૦ ગાંધીનગરના જુના સચિવાલય પાસેના મીનાબજારમાં મનપાના શૌચાલયની સારસંભાળ રાખતા ઈસમ દ્વારા છાશવારે દારૂ પીને છાકટા થઈ સ્પષ્ટ ના વેપારીઓ સાથે ઝઘડા કરવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહી છે. ગઈકાલે રાત્રે પણ આ ઈસમે દારૂ પીને નજીકની સર્વોદય ભોજનાલય ખાતે માથાકૂટ કરી હતી જે ભોજનાલયના સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ જવા પામી છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર વારંવાર આ પ્રકારની હરકતોથી તેના સુપરવાઈઝર તેમજ મેયર સુધી આ બાબતની જાણ કરાઈ હોવા છતાં તે અંગે કોઈ અગમ્ય કરાણોસર પગલાં લેવામાં આવતા નથી જેના કારણે આ વ્યક્તિનો ત્રાસ વધતો જઈ રહ્યો છે.

ગઈ કાલે સર્વોદય ભોજનાલય રાત્રે હોટલ બંધ થઈ ગયા પછી તે વ્યક્તિ જમવાનું લેવા ગયો હોવાથી હોટેલના કારીગરોએ જમવાનું ન હોવાનું કહેતાં દારૂ પીધેલી અવસ્થામાં તેણે ગંદી ભાષામાં ગાળો બોલતા માથાકૂટ કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર આ વ્યક્તિ મીનાબજારનું અને પોઈન્ટના બસ સ્ટેન્ડનું શૌચાલયનું પણ સંચાલન કરે છે. અગાઉ એક વાર તેણે દારૂ પીને ધમાલ કરી ત્યારે રાત્રે ભોજનાલયવાળા સુશીલભાઈએ પોલીસ બોલાવી જાણ કરાઈ હતી પરંતુ પોલીસ આવે તે પહેલાં તે સ્થળ પરથી ભાગી ગયો હતો. મીનાબજારના પ્રગતિ લારી ગલ્લા પાથરણા મંડળના પ્રમુખ તુલસીભાઈ માલીએ જણાવ્યું હતુ કે આ વ્યક્તિ વખતોવખત ધમાલ કરતો હોવા સાથે કોઈ તેને બોલે તો એટ્રોસિટી લગાડી દેવાની ધમકી પણ આપતો ફરે છે તેથી તે અંગે તેના સુપરવાઈઝરને જાણ કરવા છતાં કોઈ તેમાં સુધારો આવ્યો નથી. આ બાબત મેયરના ધ્યાનમાં પણ આવી ચૂકી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી તે સમજાતું નથી.

# તમામ જિલ્લામાં ૨૧ મે સુધી આંતરિક ફેરબદલી કેમ્પ યોજાશે

**વર્ગ-૩ સંવર્ગના શિક્ષક સહાયકો માટે મહત્વપૂર્ણ જાહેરાત : વર્ગ-૩ સંવર્ગના શિક્ષક સહાયકો માટે કરેલી જાહેરાતમાં સિનિયોરિટીના આધારે વતન પાસેના સ્થળે ફેરબદલી થશે**

ગાંધીનગર, તા.૧૦ રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ સમીસાંજે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જીતુ વાઘાણીની જાહેરાત વર્ગ-૩ સંવર્ગના શિક્ષક સહાયકો માટે કરવામાં આવી છે. જેમા ફેરબદલી કેમ્પની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. ૨૧ મે સુધી તમામ જિલ્લામાં આંતરિક ફેરબદલી કેમ્પ કરવામાં આવશે.

જીતુ વાઘાણીએ કરેલી ટ્વિટમાં જણાવાયું છે કે, સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા વર્ગ-૩ સંવર્ગના મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષણ નિરિક્ષકના ફેરબદલી કેમ્પ યોજવાનો સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે. જીતુ વાઘાણીની વર્ગ-૩ સંવર્ગના શિક્ષક સહાયકો માટે કરેલી જાહેરાતમાં સિનિયોરિટીના આધારે વતન પાસેના સ્થળે ફેરબદલી થશે. જેણા માટે રાજ્યકક્ષાનો ફેરબદલી કેમ્પ ૧૦ જૂન સુધીમાં યોજાશે. અમદાવાદ-ગાંધીનગર ખાતે ફેરબદલી કેમ્પ યોજાશે.

# મોદીએ બે ભારતનું નિર્માણ કર્યું, અમીરો-ગરીબોનું: રાહુલ ગાંધી

**૨૦૨૨ કોંગ્રેસ લાવીશના નારા સાથે દાહોદમાં રેલી : કોંગ્રેસ નેતાએ મોદીની સરકાર પર નોટબંધી, જીએસટી, કોરોના અને મનરેગા સહિતના મુદ્દા પર નિશાન તાક્યું**





દાહોદ, તા.૧૦ ગુજરાત કોંગ્રેસ દ્વારા '૨૦૨૨ કોંગ્રેસ લાવીશ'ના નારા સાથે દાહોદમાં આદિવાસી સત્યાગ્રહ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાહુલ ગાંધી ઉપસ્થિત રહ્યા છે. અહીં તેમણે આદિવાસીઓના વિકાસની સાથે જળ, જંગલ, જમીનના અધિકારની વાત કરી છે. તેમણે હાલની કેન્દ્ર અને ગુજરાતની ભાજપ સરકાર પર વાર કર્યા અને તેમણે નરેન્દ્ર મોદી પર ભારત અને ગુજરાતને બે ભાગમાં વહેંચી દીધા હોવાનું કહ્યું હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીએ ભારતને બે ભાગમાં વહેંચી દીધું જેમાં એક રૂપિયાવાળા લોકોનું ભારત અને બીજુ ગરીબોનું ભારત, આ કારણે ગરીબોની તકલીફો વધી રહી છે. રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગુજરાત સાથે પણ આવું જ કર્યું હોવાનું કહ્યું હતું. તેમણે કહ્યું કે કોંગ્રેસે હંમેશા ગરીબો માટે કામ કર્યું છે.

રાહુલ ગાંધીએ રેલીના સંબોધનની શરુઆતમાં જ કેન્દ્ર અને રાજ્ય સરકાર પર વાકબાણ ચણાવ્યા હતા, તેમણે કહ્યું, નરેન્દ્ર મોદી ૨૦૧૪માં દેશના વડાપ્રધાન બન્યા અને તેના પહેલા તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, જે કામ તેમણે ગુજરાતમાં શરુ કર્યું તે આજે ભારતમાં કરી રહ્યા છે. આજે બે ભારત બની રહ્યા છે, એક અમીરોનું ભારત, જેમાં પસંદગીના લોકો છે, મોટા અબજોપતિ છે, બ્યુરોક્રેટ્સ, જેમની પાસે સત્તા છે, ધન છે અને અહંકાર છે, અને બીજુ ભારત સામાન્ય પ્રજા સામાન્ય લોકોનું ભારત છે. બધાને તક મળવી જોઈએ, બધાને શિક્ષણ મળવું જોઈએ, સૌને સ્વાસ્થ્યની સેવા મળવી જોઈએ. જે ભાજપનું મૉડલ છે, તે બે ભારત અને બે ગુજરાતનું મૉડલ છે. તમને જે ફાયદો મળવો જોઈએ તે નથી મળતો. કોંગ્રેસની સરકારે ગરીબો માટે કામ કર્યું. રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદીની સરકાર પર નોટબંધી, જીએસટી, કોરોના અને મનરેગા સહિતના મુદ્દા પર નિશાન તાક્યું હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીએ લોકસભામાં મનરેગાની મજાક ઉડાવી હતી, તેમણે કહ્યું હતું કે હું તેને રદ કરવા માગું છું, પરંતુ કરીશ નહીં, કારણ કે લોકોને યાદ રહે કે કોંગ્રેસ પાર્ટીએ શું કર્યું હતું.

# એકમેકના સહારે જીંદગીનો જંગ લડતું સે. ૨નું વડીલ દંપતિ





ગાંધીનગર, તા.૧૦ "જીંદગી હર કદમ ઈક નયી જંગ હૈ, જીત જાયેંગે હમ તુ અગર સંગ હૈ". શહેરના ઘ-૦થી ચ-૦ તરફ જતાં નવા બનેલા ઓવરબ્રિજની બાજુમાં જ્યાં સેક્ટર-૨માં જવાનો ખાંચો પડે છે તેની પાસે એક વડીલ દાદા-દાદી શેરડીના રસનો સંચો ચલાવે છે જેમને નિહાળીને આ ગીતની યાદ જરૂર આવી જાય.

અગાઉ કડીયા કામ કરતાં હેમુભાઈ પ્રજાપતિ નામના ૬૨ વર્ષીય દાદા જેમની આંખોના પડદા ફાટી ગયેલા હોવાથી હવે આંખે દેખાતું નથી અને તેમના ૬૧ વર્ષીય પત્નિ નીતાબેન પ્રજાપતિને પગમાં તકલીફ છે પરંતુ પેટનો ખાડો પુરવા કામ કર્યા વગર ચાલે એમ નથી તેથી બંને એકબીજાના પુરક બનીને ઉનાળામાં ત્રણ-ચાર મહિના શેરડીનો સંચો ચલાવીને બે પૈસા રળવાં સવારે ૯ વાગ્યાથી મોડી સાંજ સુધી આકરી મહેનત-મજુરી કરે છે. આ દંપતિને એક દિકરો છે જે રીક્ષા ચલાવે છે. તાજેતરમાં સોશિયલ મિડીયા પર આ વડીલ દંપતિની કહાની કોઈ સેવાભાવી વ્યકિતએ લાઈવ મુલાકાત લઈને શે'ર કરી હતી જે વાઈરલ થતાં અનેક નાગરિકો આ દંપતિને મદદરૂપ થવાના હેતુથી અહીં શેરડીનો રસ પીવા આવે છે, સોશિયલ મિડીયા પર વાઈરલ થયેલા વિડિયોને કારણે તેમને આર્થિક મદદ પણ મળી રહી છે. દાદાના જણાવ્યાં અનુસાર કલેક્ટર પણ તેમની મુલાકાત લઈ ચુક્યાં છે અને કેટલાંક ડોકટરોએ પણ મુલાકાત લઈને દાદાની આંખો તપાસી ચુક્યા છે, જોકે દાદા તેમની આંખો ઘણી હોસ્પિટલોમાં પણ બતાવી ચુક્યાં છે અને સારવાર બહુ મુશ્કેલ હોવા સાથે તેમને ઓપરેશનની સલાહ આપવામાં આવી છે પરંતુ આ ઓપરેશન બાદ તેઓ દેખતાં થઈ જશે તેની કોઈ ગેરંટી આપતું નથી તેથી તેમણે ઓપરેશન કરાવવાનું ટાળ્યું છે. આ દંપતિને નિહાળીને જરૂર કહી શકાય કે "સંબંધ સજાવે જીંદગી".

# રાજ્યમાં કોરોનાના નવા ૩૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૦ કોરોનાના આંકડા ગુજરાતમાં ઉતાર ચઢાવ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૩ કેસ નોંધાયા છે. બીજી તરફ ૧૨ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૪૪૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં રસીના આજે કુલ ૪૫,૦૭૩ ડોઝ અપાયા હતા.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૭૩ કેસ એક્ટિવ છે. જે પૈકી ૦૧ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૧૭૨ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૨,૧૩,૪૪૬ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. જો કે કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦,૯૪૪ નાગરિકોનાં મોત પણ થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૨૪, વડોદરા કોર્પોરેશનમાં ૮, જામનગર કોર્પોરેશનમાં ૧ એમ કુલ ૩૩ કેસ નોંધાયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.





ગાંધીનગરમાં શ્વેતાંબર જૈન સમુદાયના સેકટર-૩ ખાતે જૈન દહેરાસરની ૧૯મી વર્ષગાંઠની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી જેમા મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ ઉપસ્થિત રહીને લાભ લીધો હતો

# લોક ગાયિકા કાજલ મહેરિયાના પ્રોગ્રામમાં ૫ લોકો દ્વારા હુમલો

પાટણ, તા.૧૦ પાટણના ધારપુરમાં યોજાયેલા ડીજે પ્રોગ્રામમાં લોક ગાયિકા કાજલ મહેરિયા પર પાંચ ઈસમોએ હુમલો કર્યો હતો. ધારપુરમાં ડેરી પાસે બનેલી આ હુમલાની ઘટનામાં કાજલ મહેરિયા ઉપર અગાઉના મનદુઃખને લઈ લાકડી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે હવે આ મામલે કાજલ મહેરિયાએ નિવેદન આપ્યું છે. કાજલ મહેરિયાએ હુમલા વિશે જાણકારી આપતાં કહ્યું કે, "મારા પર પાંચ લોકોએ લાકડી વડે હૂમલો કર્યો હતો. હુમલો કરનાર ઈસમો મારી પાસે અવાર-નવાર પૈસા ની માંગણી કરતા હતા. ત્યાર બાદ હવે મારી ઉપર હુમલો કરવામાં આવ્યો છે. જ્યારે હુમલો કરાયે ત્યારે મારાં કપડાં પણ ફાડવામાં આવ્યાં હતાં અને મારી ગાડીના કાચ પણ તોડી નાંખ્યા હતા.

કાજલ મહેરિયાની ગાડીના કાચ તોડી ધોકા વડે કરવામાં આવ્યો હુમલો. હુમલો કરનાર રમુ શકરા રબારી તેમજ અન્ય ચાર ઈસમો સહિત પાંચ ઈસમો સામે માર મારી જાતિ અપમાનિત શબ્દો બોલી સોનાની કંઠી લૂંટી લઈ જવાની સહિતની નોધાવી પોલીસ ફરિયાદ. બાલીસણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

કાજલે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, દોઢ વર્ષ પહેલા આરોપી રમુભાઈ રબારી તેમની સાથે કામ કરતો હતો અને અલગ અલગ ગામનું બહાનું બતાવી તેમની પાસેથી પૈસા માંગતો હતો. જે આપવાની ના પાડતા કામ પરથી નકળી ગયો હતો. તેમજ તે અવાર-નવાર ડી.જે.ના પ્રોગ્રામમાં કાજલને બોલાવવા માંગતો હતો. પરંતુ તે નહીં આવતાં તેનો ખાર રાખી ધોકાથી કાજલનો જ્યાં ડીજેનો લાઈવ પ્રોગ્રામ હતો ત્યાં આરોપીઓએ તેની ફોર્ચ્યુનર કાર ઉભી રખાવી ધોકાથી ગાડીનો કાચ તોડી નાંક્યો હતો. તેમજ કાજલ અને તેના સાથીદારોને ધોકાથી માર માર્યો હતો. આ હુમલામાં કાજલના જમણા હાથની ટીશર્ટ ફાડી નાંખી ગળમાં પહેરેલ સોનાની ત્રણ લાખની કિંમત કંઠી તોડી ઝૂંટલી લીધી હતી અને અને જાતિ વિષયક શબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી હતી.

# કોંગ્રેસમાં જ છું, તેના માટે જ કામ કરીશ : હાર્દિક પટેલ

**વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો : રાહુલ ગાંધીના રાજ્યના પ્રવાસ પહેલાં પાટીદાર નેતાએ કોંગ્રેસ હંમેશા આદિવાસીઓ સાથે રહ્યા હોવાનો દાવો કર્યો**

અમદાવાદ, તા.૧૦ ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતા રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો



છે. મિશન ૨૦૨૨ની ચૂંટણીને લઈને દરેક પક્ષ કમરકસી રહ્યો છે. જેમાં ભાજપ બાદ હવે કોંગ્રેસ પણ પ્રચારના મેદાનમાં ઉતરી રહી છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી હાલ ગુજરાતમાં કોંગ્રેસના પ્રચાર માટે શ્રી ગણેશ કરવાના છે ત્યારે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી તેની શરૂઆત દાહોદથી કરશે અને આજે દાહોદમાં આદિવાસી સંમેલનને સંબોધશે.

રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ દરમિયાન કોંગ્રેસના નેતા હાર્દિક પટેલનું આદિવાસીઓને લઈને મોટું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું હતુ કે, 'કોંગ્રેસ હંમેશાથી આદિવાસીઓ સાથે રહી છે, ગુજરાતમાં પહેલાં આદિવાસી મુખ્યમંત્રી કોંગ્રેસે આપ્યા હતા. હાર્દિક પટેલ વધુમાં કહ્યું હતુ કે, હું કોંગ્રેસમાં જ છું પક્ષ પાસે કામ માગું છું અને કોંગ્રસમાં જ રહીશ. સાથે જ હાર્દિકે એ પણ કહ્યું હતુ કે, ખોડલધામના નરેશ જલદી જ કોંગ્રેસ સાથે જોડાય તો સૌ કોઈ રાજી થઈ જાય.

## ગરમ શહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. શહેરમાં ગરમીથી રક્ષણ આપતી એસેસરિઝનુ વેચાણ પણ વધ્યુ છે જેમાં ટોપી ચશ્મા રુમાલ સહીત ઉપરાંત અન્ય કોસ્મેટીક વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. ઠંડા પાણી અને છાશની પરબો પણ કાર્યરત થઈ છે. સેવાભાવી આગેવાનો શહેરીજનોને આકરી ગરમીમાં ઠંડા કરવા માટે પરબ ચલાવી રહ્યા છે. આકરી ગરમીથી બચવા બપોરના સમયે અબોલ પશુપંખીઓ પણ વૃક્ષોની બખોલ અને છાંવની તલાશમાં નજરે પડે છે. ગાંધીનગરમાં લાંબા સમયથી ગરમીનો પારો ૪૧ ડીગ્રીની આસપાસ જોવા મળે છે.જયારે ગરમીના દિવસો દિનપ્રતિદિન વધુ આકરા પુરવાર થઈ રહ્યા છે. આજે સમગ્ર રાજયમાં ગાંધીનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ છે. જયારે રોજબરોજ નજીવા ફેરફાર સાથે મહત્તમ તાપમાનમાં ચઢ ઉતર જારી છે. જો કે હજુ પણ ગરમીનો પારો ઉચકાય તો નવાઈ નહીં તેવી સ્થિતિ છે.

## સફાઈ કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગ પણ રહીશો વિશેષ રીતે કરતા નથી જેના લીધે મોટાભાગે ધાબાનો દરવાજો પણ બંધ રહેતો હોય છે. જેના લીધે ધાબાની સફાઈ પણ થતી નથી. જયારે ધાબામાં ભરાતુ પાણી ઘરની દિવાલોમાં ઉતરે છે. જયારે બીજીતરફ ધાબાની પાણીની લાઈન પણ ચોકઅપ થઈ ગઈ હોવાથી પાણીનો નિકાલ થતો નથી અને ધાબામાં પાણીનો ભરાવો થાય છે. જેને અનુલક્ષીની સરકારી આવાસોના ધાબાની લાઈનની સફાઈ કરવાનુ આયોજન કરાયુ છે. જયારે આ અન્વયે તમામ સેકટરોમાં ઈન્કવાયરી કચેરીના સંબંધિત અધિકારીઓને સુચના પણ આપી દેવામાં આવી છે. મહાનગરપાલિકા ઉપરાંત પાટનગર યોજના વિભાગ દ્વારા પણ પ્રિમોન્સુન એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે. જુના અને જર્જરિત સરકારી આવાસોમાં પાણી લીકેજ થવાની તેમજ ધાબામાં પાણીની લાઈન ચોક અપ થવાની ફરિયાદોને ડામવા માટે તંત્રએ આગોતરૂ આયોજન કર્યુ છે. જેથી સેકટરવાસીઓમાં બને તેટલી ઓછી ફરિયાદો ઉઠવા પામે તે મુજબનુ આયોજન કરાયુ છે.

## શરૂ કરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધારણા કરાશે ગુડા દ્વારા ગ્રામ વિકાસ યોજના અન્વયે પણ સરપંચો સાથે બેઠકો યોજી વિવિધ ગામોમાં માળખાગત સુવિધાના કામો માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે. જયારે આ ઉપરાંત ટી પી વિસ્તારમાં પણ માર્ગો ખુલ્લા કરવાની સાથે ડામર રસ્તાઓનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. ગુડા વિસ્તારમાં પાણી ગટર , રસ્તા અને સ્ટ્રીટ લાઈટના માળખાગત સુવિધાના કામોને વેગ મળે તે માટે પ્લાન તૈયાર કરાયો છે. જયારે જે ઠેકાણે માર્ગોને ખુલ્લા કરાયા છે તેવી જગ્યાએ રસ્તાઓનુ નિર્માણ કરવા કે સરફેસીંગ કરવા માટે પણ સર્વેના અંતે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. ગુડાનો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરી દેવાયો છે. જયારે આ વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોનુ કામ હજુ પણ ગુડા કક્ષાએથી જ કરવામાં આવી રહ્યુ છે. જયારે ટી પી વિસ્તારમાં નવા પ્લોટસની હરાજી સહીત પ્લોટને ફેન્સીંગ અને જરૂરી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં શાહપુરમાં ૧૮ મીટરના ૨ રોડ ખુલ્લા કરવામાં આવ્યા છે. જયારે અન્ય એક ૩૬ મીટરનો રસ્તો પણ ખુલ્લો કરાયો છે. જયારે આ બન્ને માર્ગોના નિર્માણનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. આગામી દિવસોમાં અન્ય માર્ગોની સુધારણા તેમજ રીસરફેસીંગનુ પણ કામ હાથ ધરવામાં આવશે.

## પ્રભાવિત થયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીએ પંચાયત ઘરની અને સહકારી મંડળીની પણ મુલાકાત લીધી હતી. તેમણે આ મુલાકાતો દરમ્યાન ગામના પ્રશ્નો સમજવાનો પ્રયાસ કર્યો હતો. ગામમાં બેંકની સુવિધા નહિ હોવાની, ગટરની વ્યવસ્થા અંગે તેમજ પ્રા. શાળાના જે બે ઓરડા જુના છે તેને બદલે નવા બે વર્ગખંડ બનાવવાની રજુઆતો ગ્રામજનોની સાંભળી હતી. તેમણે કહ્યું કે ગામડામાં પ્રશ્નો આટલા બધા વણઉકલ્યા છે તે ખુબજ ગંભીર બાબત છે.

તેમની સાદગી અને સહજતા જોઈ ગ્રામજનો પણ ખુશ થઈ ગયા હતા એટલુ જ નહિ મોકળા મને તેમની યાતનાઓ વર્ણવી હતી. બસની કનેકટીવીટીને લઈ પણ ગ્રામજનોએ વાત કરી હતી. મુખ્યમંત્રીએ ગ્રામજનો સાથે બેસી ચ્હાની ચુસકી પણ માણી હતી.

મુખ્યમંત્રી સાથે રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમાર, જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય પણ જોડાયા હતા. તેમણે ગામના એક દિવ્યાંગ વ્યક્તી સાથે વાત કરી અને તબિયતની પૃચ્છા કરી ગામના વિકાસ માટે બનતી ત્વરાએ કાર્યવાહી કરાશે તેવી હૈયાધારણ આપી હતી.

## કામ વિલંબમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાઈનને પસાર કરવામાં આવે તો મુખ્યમાર્ગને પણ નુકશાન થાય નહીં તે મુજબની કાર્યપધ્ધિત પણ અપનાવવા માટે ગુડાએ આયોજન કર્યુ છે. જો કે નેશનલ હાઈવે ઓથોરિટી કક્ષાએથી આ મામલે મંજુરી આપવામાં આવી નથી. જયારે કવોરી ઉદ્યોગમાં પણ લાંબા સમયથી હડતાલ ચાલવાના લીધે પાણીની લાઈન નાંખવાની કામગીરી વિલંબિત થઈ છે. જયારે મંજુરીના અભાવે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આગામી વરસાદી દિવસોમાં પણ પાણીના ભરાવાની સમસ્યા ઉદભવશે. જયારે સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ થયા બાદ જ જરૂરી રસ્તાઓને રીસરફેસીંગ કરાશે. આ વિસ્તારમાં માર્ગોના નવિનીકરણ બાદ લાઈન નાંખવામાં આવે તો પણ રસ્તાને નુકશાન પહોંચે તેવી સ્થિતિ છે. જેથી આ મુજબ કાર્યયોજના અમલી બનાવવા નિર્ણય લેવાયો છે. જયારે હાલ મંજુરીના અભાવે બે કામો અધ્ધરતાલ છે.

## તબાહી મચાવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યાં મુજબ આજે ઓડિશાના કાંઠા તરફ આગળ વધી રહેલા ચક્રવાતી તોફાન અસાનીની ઝડપ થોડી ધીમી થઈ છે. પરંતુ આમ છતાં કાંઠા સુધી પહોંચતા ૧૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તથા કાંઠા વિસ્તારોમાં ભારે તબાહી જોવા મળી શકે છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ અસાની પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમની, પશ્ચિમ મધ્ય અને આસપાસના દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધ્યું છે. ગઈ કાલે રાતે ૨૩.૩૦ વાગ્યે તે પશ્ચિમ-મધ્ય અને આસપાસના દક્ષિણ પશ્ચિમ મ્મ્ પર આંધ્રના કાકીનાડાથી ૩૩૦ કિમી દક્ષિણ પૂર્વમાં, વિશાખાપટ્ટનમથી ૩૫૦ કિમી દક્ષિણ-દક્ષિણ પૂર્વમાં કેન્દ્રીત હતું. આ વાવાઝોડાની ઓડિશા, દક્ષિણ ભારત સહિત યુપીમાં પણ અસર જોવા મળી શકે છે. ૧૦મી મેથી ૧૩ મે દરમિયાન દેશના અનેક રાજ્યો જેમ કે અરુણાચલ પ્રદેશ અને અસમ-મેઘાલય તથા નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં ભારે વરસાદની શક્યતા છે. ૧૧થી ૧૩મી મે દરમિયાન અસમ-મેઘાલયમાં પણ ભારે વરસાદ પડી શકે છે.

## ઘટાડો થયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્તિઓની સંપત્તિ જ ગત સપ્તાહ કરતા વધી છે બાકી ૪૪ની સંપત્તિમાં ઘટાડો જોવા મળ્યો છે આ દર્શાવે છે કે ગત બે વર્ષમાં જે રીતે માત્ર સંપત્તિવાન લોકોની આવકમાં વધારો થયો હતો અને ગરીબ વર્ગ વધારે ગરીબ થયો હતો એમ હવે સંપત્તિસર્જન કરનારા ટોચના લોકોની આવકમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

## રહસ્યો ખોલશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળ્યા હતા. જ્યારે અન્ય સ્થળોએથી અંદાજે રૂ.૧.૨૫ કરોડની રકમ રિકવર કરવામાં આવી હતી. આ રીતે ઈડીએ આ કેસમાં અત્યાર સુધીમાં ૧૯.૩૧ કરોડ રૂપિયા રિકવર કર્યા છે.

સીએ સુમન કુમારે પૂછપરછમાં ઈડી અધિકારીઓને ઘણી મહત્વપૂર્ણ માહિતી આપી છે. જો કે અત્યાર સુધી ઈડી દ્વારા આ અંગે કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ, સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સુમને ઈડીને જણાવ્યું કે દર મહિને લગભગ ૩૦ કરોડ રૂપિયાનું વ્હાઈટ કરવામાં આવે છે. ઉપરાંત પૂજા સિંઘલે કથિત રીતે તેના 'વ્યક્તિગત ખાતા'માંથી સીએ સુમન કુમારના ખાતામાં ૧૬.૫૭ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.